# અગોરા મોલમાં થીયેટરને બંધ કરવા અડાલજ પી.આઈ. દ્વારા નોટીસ

## ફાયર સેફ્ટીનું સર્ટીફિકેટ ન હોવાથી થીયેટર બંધ થશે : સત્તાના ગજગ્રાહ વચ્ચે ફાયર સેફ્ટીનું સર્ટી મેળવવાનું થીયેટરના માલિક માટે મુંઝવણરૂપ : પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ

ગાંધીનગર, તા. ૧૪

નવવિકસિત વિસ્તારમાં સ્થિત અદ્યતન અગોરા મોલમાં ધમધમતા થીયેટરને તાળું મારી દેવું પડે તેવી નોબત આવી છે. અગોરા મોલમાં સ્થિત આ થીયેટર ફાયર સેફ્ટીના સર્ટીફીકેટ વગર ધમધમતું હોવાનું અડાલજ પોલીસને ધ્યાને આવતા પી.આઈ કે.કે. પંડ્યા એ આજે થીયેટર સંચાલકને આ મામલે નોટીસ આપી થીયેટર બંધ કરી દેવા તાકીદ કરી છે. બીજી તરફ ફાયર સેફ્ટીના સાધનોથી સજ્જ આ થીયેટરને સર્ટીફીકેટ કોણ ઈસ્યુ કરે તે મામલે મુંજવણભરી સ્થિતિ સર્જાઈ છે. ફાયર ઓફિસર પાસેથી સત્તા છીનવી લેવાયા બાદ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાના મામલે પણ હુંસાતુંસીના સંજોગો નિર્માણ થયા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આ સઘળી સ્થિતિ વચ્ચે થીયેટરના સંચાલક માટે પાડાના વાંકે પખાલીને ડામ જેવો ઘાટ ઘડાયો છે.

અડાલજ પી.આઈ કે.કે. પંડ્યા એ અગોરા મોલ સ્થિત ગ્રાન્ડ સિનેમા થીયેટરના સંચાલક પાસે ફાયર સેફ્ટીનું સર્ટીફીકેટ ન હોવાથી થીયેટર બંધ કરી દેવા નોટીસ ફટકારી છે. સંચાલકના જણાવ્યા મુજબ થીયેટરમાં ફાયર સેફ્ટીના સાધનો મુકાયેલા છે પરંતુ અધિકૃત અધિકારી દ્વારા આપવામાં આવતું ફાયર સેફ્ટીનું માત્ર સર્ટીફીકેટ નથી. આ સર્ટી મેળવવા માટે નેસેસ પણ થઈ ગયેલી છે. પરંતુ સર્ટી ઈસ્યુ કરી આપવામાં આવતું નથી. તંત્રમાં ફાયર સેફ્ટી ના સર્ટી ઈસ્યુ કરવાની સત્તા માટે હાલ હુંસાતુંસી ચાલી રહી છે. ગાંધીનગર તાલુકામાં આ થીયેટર આવેલું હોવા છતાં તેને ગાંધીનગર ફાયર ઓફિસર સર્ટી આપવાની સત્તા ધરાવતા નથી તો બીજી તરફ તંત્ર દ્વારા પણ સર્ટી ઈસ્યુ કરવામાં આવતા નથી. સત્તાના ગજગ્રાહ વચ્ચે થીયેટર સંચાલકને ફાયર સેફ્ટી નું સેફ્ટી મેળવવું પણ મુશ્કેલ બન્યું છે. જેને પગલે થીયેટર બંધ થઈ જવા સુધીની નોબત આવી ગઈ છે. સત્તાની ખેંચતાણમાં થીયેટર સંચાલક પીસાઈ રહ્યો છે. હવે જોવું રહ્યું કે આનો ઉકેલ તંત્ર શું લાવે છે..!



'દેશી મધ'નું વેચાણ વિલાયતી શરાબની બોટલમાં ! (તસવીર : કશ્યપ નિમાવત)

# કુડાસણમાં એક જ પ્લોટ બબ્બે વ્યક્તિઓને વેચાણ આપવાનું તોતિંગ જમીન કૌભાંડ

## સીટના આદેશથી પ્લોટીંગ સ્કીમ મૂકનાર બિલ્ડર સામે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૪

કુડાસણ વિસ્તારમાં કિંમતી જમીનનો એક જ પ્લોટ બે વ્યક્તિઓને વેચાણે આપી અડધા કરોડનું કૌભાંડ આચરવાના કેશમાં સે-૭ પોલીસે એક શાળા સંચાલક વિરુદ્ધ ગુનો નોંધી કૌભાંડની છાનબીન કરવા ડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. પ્લોટ ખરીદનાર સે-૧૯ ની મહિલાને ૬ વર્ષના અંતે પ્લોટ અન્ય કોઈ વ્યક્તિને વેચી દેવાયો હોવાની જાણ થતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. જયારે આ મામલે પ્લોટના પૈસા પરત કરી સમાધાન કરવાની ફોર્મ્યુલા પણ નિષ્ફળ નીવડી હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર શહેરના સે-૧૯ રત્નસાગર ફ્લેટમાં રહેતા ઉષાબેન ગીરધરલાલ કાવ એ વર્ષ-૨૦૦૩માં કુડાસણની જમીનમાં મુકાયેલી સ્કીમ હેઠળ એક પ્લોટ ખરીદ્યો હતો. આ પ્લોટીંગની સ્કીમ શાળા સંચાલક અને બિલ્ડર વિશ્વબંધુ ડાહ્યાભાઈ પટેલ મારફ્તે મુકવામાં આવી હતી. વર્ષ- ૨૦૦૩ માં પ્લોટ ખરીદ્યા બાદ મહિલાએ વર્ષ-૨૦૦૬ માં પ્લોટનો દસ્તાવેજ કર્યો હતો. જયારે દસ્તાવેજના ત્રણ વર્ષના અંતે વર્ષ-૨૦૦૯ માં ઉષાબેને આ પ્લોટ વેચાણ આપવા અખબારમાં જાહેરાત પ્રસિદ્ધ કરાવી હતી. જાહેરાત જોઈને એક પાર્ટીનો ઉષાબેન પર ફોન આવ્યો કે મારો પ્લોટ તમે કેવી રીતે વેચી શકો? આનો માલિક તો હું છુ..ત્યારે ચોંકી ઉઠેલા ઉષાબેને તપાસ કરી એટલે ખબર પડી કે એક જ પ્લોટ બબ્બે વ્યક્તિને વેચી દેવાયા છે. વિશ્વબંધુ પટેલને આ મામલે જાણ કરી ફરિયાદની ચીમકી આપતા આ પ્લોટના બે વ્યક્તિઓને ભૂલથી વેચાણ થઈ ગયા હોવાનું સ્વીકારી રૂ.૪૦ લાખ પ્લોટ પેટે ચૂકવી આપવા ઉષાબેનને બાહેધરી આપી સમાધાન કર્યુ હતું. ૧૨ લાખ રૂપિયા ચુકવ્યા પરંતુ બાકીના ૨૮ લાખનો વાયદો કર્યો હતો. તે રૂપિયા હજુ સુધી પરત ન કરતા એસ.આઈ.ટી માં ફરિયાદ થઈ હતી. તેના આદેશથી સે-૭ પોલીસે ગુનો દાખલ કરી પી.આઈ જે.એમ.ભરવાડે ડી તપાસ શરુ કરી છે.

# કોબા - ઈન્દિરાબ્રીજ માર્ગના સેન્ટ્રલ વર્જમાં લાઈટીંગ પોલ્સ ઉભા કરી દેવાયા

## ટ્રાફિકની અવર-જવરને વધુ સલામત બનાવવા માર્ગ પર પર્યાપ્ત અજવાળું પથરાશે

ગાંધીનગર, તા. ૧૪

કોબા-ઈન્દીરાબ્રીજ માર્ગ પર અજવાળું પાથરવા તંત્ર દ્વારા માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં લાઈટીંગ પોલ્સ નાંખવામાં આવ્યા છે. અગાઉ તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષાને લઈ આ માર્ગ પર ગ્રીલ તેમજ ફેન્સીંગ લગાવવાનું કામ પણ હાથ ધરાયું હતું. જયારે અંધારું ઉલેચવા હેલોજન ફીટ કરવામાં આવ્યા હતા. પરંતુ હવે કાયમી ધોરણે લાઈટની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.

કોબા-ઈન્દીરાબ્રીજ માર્ગ પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે જોડાયેલા આ માર્ગ પર આમ નાગરિકોની સાથે વીઆઈપીઓની અવર-જવર પણ વિશેષ પ્રમાણમાં રહે છે. જેના પરિણામે તંત્ર દ્વારા આ માર્ગ પર રોડ સેફ્ટી ને સ્પર્શતા પરિબળો યોગ્ય કરવા છેલ્લા કેટલાક સમયમાં વિશેષ કામગીરી હાથ ધરાઈ છે. આ વિસ્તારમાં ઘણા સમયથી અકસ્માતોનું પ્રમાણ પણ વધી ગયું હોવાનું ધ્યાને આવ્યું હતું. નીલગાય સહિતના રખડતા ઢોરના લીધે જાનલેવા અકસ્માત સર્જાતા હોવાથી ભયજનક સ્થિતિ સર્જાતી હતી. આવા સંજોગોમાં આ માર્ગ પર મુખ્યમંત્રીની અવરજવરને ધ્યાને લઈને પણ સલામતી વ્યવસ્થા મજબુત બનાવવા માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ ફીટ કરવામાં આવી હતી. તેમજ રસ્તાની બંને સાઈડ ફેન્સિંગનું પણ કામ હાથ ધરાયું હતું. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થયો છે. આ ઉપરાંત થોડા સમય અગાઉ સેન્ટ્રલ વર્જને વધુ આકર્ષક બનાવવા પ્લાન્ટેશનની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારે રાત્રીના સમયે અકસ્માતો નિવારી શકાય અને માર્ગ સલામતી જળવાઈ રાહે તેવા આશયથી આ માર્ગ પર વિશેષ અજવાળું પાથરવા તંત્ર દ્વારા લાઈટીંગ પોલ્સ નાંખી દેવાયા છે.

# બેંક ખાતેદારની જાણ બહાર જ એકાઉન્ટમાંથી ૧૫,૬૦૦ની ખરીદી થઈ ગઈ...!!

## ગઠીયાએ બેન્કના ખાતામાંથી સીધી ઓનલાઈન ખરીદી કરી નાંખી

ગાંધીનગર, તા. ૧૪

પંજાબ નેશનલ બેંકમાં એકાઉન્ટ ધરાવતા ગ્રાહકના ખાતામાંથી અચાનક જ રૂ.૧૫,૬૦૦ ની રકમ ડીબેટ થઈ જતા તેને આંચકો લાગ્યો હતો. કોઈ ગઠીયાએ તેમના એકાઉન્ટમાંથી આ રકમના બદલામાં ઓનલાઈન ખરીદી કરી લીધી હોવાનું પણ તપાસના અંતે માલુમ પડ્યું છે. આ અંગે સે.૨૧ પોલીસ મથકમાં જાણવાજોગ નોંધાતા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીએ હાલના સમયમાં અનેકવિધ આધુનિક ઉપકરણોની ભેટ ધરી છે. જેના પરિણામે વિવિધ કામગીરીઓમાં ઝડપ આવી છે. અનેક રીતે ઉપયોગી નીવડતી હાઈટેક વ્યવસ્થાનો પણ કેટલાક તત્વો ગેરલાભ લેવાનું ચુકતા નથી. જેના પરિણામે ઓનલાઈન આર્થિક લેવડ-દેવડમાં પણ ઘણી વાર પારદર્શકતાનો અભાવ વર્તાય છે. તો ક્યારેક છેતરપીડીના કિસ્સાઓ પણ -કાશમાં આવે છે. ગાંધીનગર શહેરના સે-૧૬ ખાતે સ્થિત પંજાબ નેશનલ બેંકમાં એકાઉન્ટ ધરાવતા માણસા તાલુકાના દેલવાડના રહેવાસી રણવીરસિંહ રતનસિંહ વાઘેલા પણ આવી જ કોઈ છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની ફરિયાદ ઠવા પામી છે. તેમના બેંક એકાઉન્ટમાંથી કોઈ ગઠીયાએ રૂ.૧૫,૬૦૦ ની ઓનલાઈન ખરીદી કરી લીધી હતી. આ વાતની જાણ ખાતેદારને થતા તેમણે સે-૨૧ પોલીસનો સંપર્ક સાંધ્યો છે. પોલીસે જાણવાજોગ લઈને તપાસ શરુ કરી છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા અનોખો કાર્યક્રમ 'સન્ડે વીથ સાયન્સ' હાથ ધરાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર રવિવારે અનોખો 'સન્ડે વિથ સાયન્સ' કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શહેરની વિવિધ શાળાઓના ધોરણ-૫ થી ૧૦ના બાળકો નિસર્ગ સાયન્સ સેન્ટર પર આવી તેમના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગો જાતે કરીને તેને સમજવાનો પ્રયત્ન કરે છે. આ માટે સાયન્સ સેન્ટર તરફથી તમામ સાધન અને માર્ગદર્શનની સવલત પુરી પાડવામાં આવે છે.

આજનો યુગ સાયન્સ અને ટેકનોલોજીનો યુગ છે અને દુનિયામાં દરરોજ નવી નવી શોધખોળો થઈ રહી છે. આ નવી નવી શોધોને અને અદ્યતન ટેકનોલોજીને કારણે માનવજીવનમાં ખૂબ મોટો ફેરફાર આવ્યા છે. આ પરિવર્તન વિજ્ઞાનમાં થયેલા વિકાસને આભારી છે. આ વિજ્ઞાનમાં શાળામાં ભણતા બાળકોના રસ અને રૂચિ કેળવાય અને તેમનામાં સાયન્ટિફિક અભિગમનો વિકાસ થાય તે માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ખાસ અનોખા કાર્યક્રમ 'સન્ડે વીથ સાયન્સ'નું આયોજન હાથ ધરાયું છે. આ કાર્યક્રમ અંતર્ગત દર રવિવારે બાળકો અહીં આવીને તેમના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગો જાતે કરીને તેને સમજવા પ્રયત્ન કરે છે. આ પ્રયોગો માટે તેમને તમામ રસાયણો અને સાધનો ઉપરાંત માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવે છે.

આ ઉપરાંત નિસર્ગ સાયન્સ સેન્ટરમાં વિવિધ વર્કશોપ, સેમિનાર, સાયન્સ ફિલ્મ વગેરેનું પણ આયોજન કરાય છે જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. અહીં બાળકો બાહ્ય જગતમાં વિકસી રહેલા વિજ્ઞાનને સમજવા માટે નવતર સીડી લાયબ્રેરીનો પણ ઉપયોગ કરી શકે છે. આ લાયબ્રેરીમાં જુદા જુદા વિકસીત ક્ષેત્રોની લગભગ ૩૦૦ થી વધુ સીડી ઉપલબ્ધ છે. જે વિદ્યાર્થીઓ તેમના ઘરે પણ લઈ જઈ શકે છે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓ જેવી કે સાયન્સ ક્વીઝ, નેશનલ સાયન્સ સેમિનાર, નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ, ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ અને સાયન્સ ફેર વેગેરેમાં પણ વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩માં લગ્નવાડી પાસે ઘ-ટાઈપ નં. ૬૧/૧ ખાતે આવેલ છે. અને વધુ માહિતી માટે સેન્ટરના કો.ઓર્ડિનેટર હાર્દિક મકવાણાનો સંપર્ક કરવા જણાવાયું છે.

## સિધ્ધાર્થ લૉ કોલેજમાં એલએલબી માટે પ્રવેશ ફોર્મ ૨૩-૨૪ જૂને ભરાશે

ગાંધીનગરની સેક્ટર-૧૬માં આવેલ સિધ્ધાર્થ લૉ કોલેજના શૈક્ષણિક વર્ષ-૨૦૧૪-૧૫ માટે એલએલબીના સેમેસ્ટર-૧ના પ્રવેશ ફોર્મ મેળવવા અને ભરવાની પ્રક્રિયા તા. ૨૩મી અને ૨૪ મી જૂનના રોજ હાથ ધરાશે. આ અંગેનો વિગતવાર કાર્યક્રમ કોલેજના નોટીસબોર્ડ પર મુકવામાં આવેલ છે જેની વિદ્યાર્થીઓએ નોંધ લેવા કોલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજે ચિલોડા પંચાયત વોર્ડ નં. ૬ સભ્યની ચૂંટણી યોજાશે

ચિલોડા, તા.૧૪

આજે ચિલોડા ગ્રામ પંચાયતની ખાલી પડેલી વોર્ડ નં. ૬ સભ્યની ચૂંટણી યોજાશે જેમાં રસાકસી ભર્યો જંગ ખેલાશે.

ચિલોડા ગ્રામ પંચાયતની વોર્ડ નં. ૬ની સભ્યની બેઠક થોડા સમય અગાઉ ખાલી પડી હતી જેને લઈ વોર્ડ નં.૬ સભ્યની ચૂંટણીમાં સામાન્ય સ્ત્રી ઉમેદવાર તરીકે લીલાબેન શ્યામલસિંહ ચૌહાણ અને રીટાબેન દશરથજી ઠાકોર વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે જેમાં કુલ ૩૫૮ મતદારો મતદાન કરી ઉમેદવારનું ભાવિ નક્કી કરશે જયારે ચિલોડા ગ્રામ પંચાયત વોર્ડ નં. ૩ની ખાલી પડેલી બેઠકમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે સંજયસિંહ અર્જુનસિંહ ઠાકોર બિનહરીફ ચુંટાઈ આવ્યા છે.

# લાયન્સ-લાયોનેસ કલબના હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ બુધવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની લાયન્સ અને લાયોનેસ કલબના નવા હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ તા. ૧૮મી જુન બુધવારે સાંજે ૭ વાગે કુડાસણ ખાતે આવેલ સ્કૂલ ઓફ એચિવરમાં યોજાશે. આ હોદ્દેદારો વર્ષ ૨૦૧૪-૧૫ માટે લાયન્સ તેમજ લાયોનેસ કલબનું સુકાન સંભાળનાર છે.

વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ અને સેવા ક્ષેત્રે સુવિખ્યાત લાયન્સ અને લાયોનેસ કલબનો વર્ષ ૨૦૧૪-૧૫ માટેના નવા હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ સર્વે સભ્યોની હાજરીમાં યોજાનાર છે. આ સમારોહમાં લાયન્સ કલબના નવા વરાયેલા પ્રમુખ જશવંતસિંહજી રહેવર તેમજ સેક્રેટરી રાજગૌડા તેમજ લાયોનેસના પ્રમુખ ચંદાયાદવ અને સેક્રેટરી ડીમ્પલ દેસાઈ સહિત લાયન્સ ડિસ્ટ્રીકટ ૩૨૩-બીની કેબીનેટના સભ્યો એલ.કે. વાઘેલા ડૉ. એ.આર. પટેલ, હરીશભાઈ ત્રિવેદી, કે.પી. પ્રજાપતિ, શિરીષભાઈ મોદી, અનિલભાઈ જયસિંઘાણી, અરૂણભાઈ પટેલ, રૂચિરભાઈ ભટ્ટ, પિયુષભાઈ શાહ, મમતાબેન રાવલ અને સેજલબેન શાહ વગેરે શપથ ગ્રહણ કરશે. આ પ્રસંગે સુરેશભાઈ શાહ તમામ નવા હોદ્દેદારોને શપથ લેવડાવશે. આ સમારંભમાં શ્રી ધોળેશ્વર મહાદેવના મહંત રામસ્વરૂપ પુરીજી ઉપસ્થિત રહી તેમના આર્શિવચન પાઠવશે. આ પ્રસંગે હાજર રહેવા તમામ લાયન્સ અને લાયોનેસ સભ્યોને આમંત્રણ અપાયું છે.






નગરની સંસ્થા 'થનગનાટ' દ્વારા શુક્રવારે ટાઉનહોલ ખાતે જાણીતા કલાકાર સાંઈરામ દવેના ડાયરાનો અને હાસ્યની છોળો ઉડાડતો કાર્યક્રમ યોજાઈ હયો. આ પ્રસંગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, પૂર્વમંત્રી દીલીપ સાંઘાણી, ભાજપ શહેર પ્રમુખ નીતિન પટેલ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી ભાષાને અને લોક સંસ્કૃતિને સાચવી રાખવાની તેમજ બાળપણ અને નારી શક્તિની વાતો હાસ્ય સાથે રજુ કરી સાંઈરામ દવેએ પ્રેક્ષકોથી ખીચોખીચ ટાઉનહોલમાં ભરપુર દાદ મેળવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦
ફુગલી : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
હોલીડે : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ફગલી : ૧૦.૦૦
ચલ ભાગ : ૧૨.૪૫
મછલી જલ કી રાની હૈ : ૩.૦૦, ૧૦.૦૦
અનફોગ્રેટેબલ : ૬.૩૦
: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦
ફગલી : ૧.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦, ૧.૧૫, ૬.૦૦, ૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફગલી : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
હોલીડે : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
ફગલી : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
ચલ ભાગ : ૧૦.૩૦, ૩.૩૦, ૮.૩૦
મછલી જલ કી રાની હૈ : ૧.૦૦, ૬.૦૦, ૧૧.૦૦

## આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.